# હાઉસીંગ બોર્ડના જર્જરિત-ભયજનક હાલત ધરાવતા મકાનોમાં વસવાટ સામે મનપાની નોટીસ



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ફાળવેલા મકાનો જે જર્જરીત હાલતમાં હોય સદર યોજનાના મકાનોને ધૅસ્ઞ એક્ટની કલમ ૨૬૫ અને ૨૬૮(સી) અંતર્ગત નોટિસ આપવામાં આવી છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકાની સૂચના મુજબ આવા મકાનોનો વસવાટ માટે ઉપયોગ ન કરવા નોટિસ આપવામાં આવી છે. શહેરના સેક્ટર ૧૩ વિસ્તારના ૭૧ ફ્લેટ તેમજ સેક્ટર ૨૮ વિસ્તારના ૨૪ ફ્લેટ ધારકોને નોટિસ આપવામાં આવી છે. જે અંગેની જાણ પોલીસ અધિક્ષકશ્રી તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડને પણ કરવામાં આવી છે.

નોટિસ બાદ આ મકાનનો ઉપયોગ બંધ કરવામાં નહિ આવે તો મહાનગરપાલિકા દ્વારા મકાન ખાલી કરાવવાની કામગીરી કરવામાં આવશે.

# ગાંધીનગરમાં પ્રધાનમંત્રી મોદીના આગમનને પગલે તડામાર તૈયારી

## સફાઇ માટે ટીમો કામે લાગી : કોબા, ભાટ એરપોર્ટ, મહાત્મા મંદિર, સરકીટ હાઉસ રાજભવન સહીતના રૂટમાં જરૂરી સફાઇ તેમજ જંગલ કટીંગ અને માર્ગોને જરૂરી પેચવર્ક

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં વરસાદી દિવસોના લીધે શહેર તેમજ આસપાસના વિસ્તારમાં જોડાયેલા માર્ગો પર ડામરની કાંકરીઓ પણ ઉખડી આવી છે. જયારે માર્ગોની આસપાસના વિસ્તારમાં બિનજરૂરી વનસ્પિત પણ ઉગી નિકળતા દરેક ઠેકાણે સફાઈ અનિવાર્ય છે. પ્રધાનમંત્રી ગાંધીનગર આવવના હોવાથી હાલ કોબા એરપોર્ટ , મહાત્મા મંદિર અને રાજભવન સુધીના રૂટમાં વિવિધ માર્ગો પર સફાઈ તેમજ માર્ગોનુ પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે. જયારે પ્રધાનમંત્રીની સુરક્ષાના પરિબળો તરફ પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. મુખ્યમાર્ગો આસપાસના વિસ્તારમાં વરસાદી દિવસોમાં ઉગી નિકળેલી બિનજરૂરી વનસ્પિતનુ પણ નિયત રૂટમાં કટીંગ કરી સફાઈ કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરની મુલાકાતે આવવના હોવાથી તંત્રએ એલર્ટ મોડમાં આવી ગયુ છે. જયારે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તડામાર તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા વિવિધ તૈયારીઓમાં લાગી ગયુ છે. જેમાં એરપોર્ટથી માંડીને ગાંધીનગર સુધીના રૂટમાં માર્ગોનુ નિરિક્ષણ કરી જરૂરી તમામ કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્ગોને ચકાચક કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનના પ્રોટોકોલ મુજબ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે ભાટ , કોબા અને ગાંધીનગરના વિસ્તારમાં જંગલ કટીંગ અને સફાઈ કામગીરી માટે ટીમો કામે લગાડવામાં આવી છે. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન માટે વિશેષ પ્રોટોકોલ નિયત કરાયા છે જે મુજબ સુરક્ષાના પરિબળોને ધ્યાને લઈને પણ અત્યાર થી વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. જેને અનુલક્ષી જે રૂટમાંથી તેઓ પસાર થવાના હોય તેવા સ્થળોએ તેમનો કાફલો કોઈપણ વિક્ષેપ વિના પસાર થઈ શકે તે મુજબની વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. માર્ગ મકાન વિભાગ કક્ષાએથી અમદાવાદ થી એરપોર્ટ ,ભાટ કોબા તેમજ ગાંધીનગર જેમાં ખાસ

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૧૭ની વરસાદી પેટર્નના પુનરાવર્તનની વ્યાપક ચર્ચા

## ૨૦૧૭માં જિલ્લામાં ૯૭.૭૩ ટકા વરસાદ નોંધાયો હતો : ૨૦૨૨માં ૪૬.૪૯ ટકા અને ૨૦૨૩માં ૪૯.૯૭ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં વરસાદી પેટર્ન ૨૦૧૭નું પુનરાવર્તન કરી રહી હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. ૨૦૧૭માં ૨૬મી જુલાઈ સુધીમાં જિલ્લામાં ૯૭.૭૩ ટકા વરસાદ નોંધાયો હતો. જ્યારે ચાલુ વર્ષે જિલ્લામાં સિઝનનો ૫૦ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લાના જાણકારોના જણાવ્યા પ્રમાણે ૨૦૧૭માં સાબરમતી નદી ત્રણ વખત રિચાર્જ થઈ હતી. જિલ્લામાં ૨૦૧૭માં સૌથી વધુ વરસાદ કલોલમાં સિઝનનો ૧૪૧.૩૬ ટકા નોંધાયો હતો. માણસામાં ૯૦.૯૨ ટકા, દહેગામમાં ૮૦.૨૮ ટકા તો ગાંધીનગરમાં ૭૪.૭૦ ટકા વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં હાલ તો ૨૦૨૨ કરતાં ત્રણ ટકા જેટલો જ વરસાદ આજ સુધીમાં વધારે નોંધાયો છે. ૨૦૨૨માં આ સમયગાળા દરમ્યાન ૪૬.૪૯ ટકા વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૫૭.૮૭ ટકા, ગાંધીનગરમાં ૩૨.૧૯ ટકા, કલોલમાં ૪૯.૪૮ ટકા અને માણસામાં ૪૨.૮૦ ટકા વરસાદ નોંધાયો હતો.

### જિલ્લામાં કયા વર્ષમાં કટલો વરસાદ નોંધાયો

| વર્ષ | ટકાવારી |
|---|---|
| ૨૦૧૫ | ૨૨.૩૧ |
| ૨૦૧૬ | ૨૬.૦૦ |
| ૨૦૧૭ | ૯૭.૭૩ |
| ૨૦૧૮ | ૧૮.૩૧ |
| ૨૦૧૯ | ૧૮.૩૧ |
| ૨૦૨૦ | ૪૦૯૮ |
| ૨૦૨૧ | ૨૨.૦૪ |
| ૨૦૨૨ | ૪૬.૪૯ |
| ૨૦૨૩ | ૪૯.૯૭ |

૨૦૨૨માં પાછોતરો વરસાદ ખેંચાયો હતો અને ગાંધીનગર-માણસામાં વરસાદની ઘટ રહી હતી જે નોંધનીય છે તેમ જાણકારોનું કહેવુ છે.

૨૦૨૩માં જિલ્લામાં ચોમાસાનો આજ દિન સુધીમાં ૪૯.૯૭ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં દહેગામમાં ૬૪.૯૧ ટકા, ગાંધીનગરમાં ૪૭.૮૯ ટકા, કલોલમાં ૨૯.૪૪ ટકા, માણસામાં ૫૭.૧૭ ટકા વરસાદ નોંધાયો છે.

વરસાદની પેટર્નમાં ખંડીય વૃષ્ટિ આ વખતે વધુ જોવા મળી છે. જેમ કે ગાંધીનગર તાલુકાની પૂર્વ પટ્ટીમાં જળબંબાકારની સ્થિતિ થઈ હતી અને તાલુકાનો વરસાદ ૩૭ મી.મી. જ દર્શાવવામાં આવ્યો હતો. માણસામાં એક જ દિવસમાં સવારના ૪ થી રાત્રિના ૮ દરમ્યાન આઠ ઈંચ જેટલો વરસાદ આ વખતે નોંધાયો છે. દહેગામ તાલુકામાં એક જ દિવસમાં ૪-૪ ઈંચ વરસાદ નોંધાયાની ઘટના બે વખત નોંધાઈ છે.

જિલ્લામાં આ વખતે વીજળી પડવાની ઘટનાઓ પણ નોંધાઈ છે જે અગાઉના વર્ષોની સંખ્યાની તુલનામાં વધારે છે. આ વખતે વીજળી પડવાથી ૧૨ જેટલા પશુઓના મોત થયા છે. વરસાદ આંધી સાથે પણ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે સિઝનનો ૫૦ ટકા જેટલો વરસાદ થયા પછી પણ બફારો ઓછો થતો નથી અને વીજ વપરાશમાં પણ ઘટાડો થતો નથી. આ વખતે જિલ્લામં વરસાદી પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ પણ વધુ નોંધાઈ છે અને કાદવ-કીચડની સ્થિતિને લઈ વાહકજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાનો ભય વધુ ઉભો થયો છે.

જિલ્લામાં વરસાદી પેટર્ન સતત બદલાતી રહી છે. વરસાદની ઘટને પગલે અહિ ભૂગર્ભ જળનું ખેંચાણ પણ વધ્યુ છે. જિલ્લો ડાર્કઝોન ભૂગર્ભ જળને લઈને ધરાવે છે.

જિલ્લામાં આ વખતે સાબરમતી નદી તેમજ મેશ્વો અને ખારી નદી પણ બે કાંઠે ઉપરવાસના ભારે વરસાદને કારણે વહેતી જોવા મળી રહી છે. જિલ્લામાં આ વખતે પાણી ભરાઈ રહેવાને કારણે ખરીફ વાવેતરમાં ખાસ કરીને કપાસના પાકને તેમજ શાકભાજીના પાકોને નુકશાનનો ભય




ખેડૂતોને સતાવી રહ્યો છે. કહોવારો ઘણા બધા વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે.

દરમ્યાન હવે મેઘરાજાનો ચોથો રાઉન્ડ પણ ટૂંકમાં જ આવશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

# શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાનને અસરકારક બનાવવા બાલવાટિકામાં ખાસ મોનીટરીંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાનના ભાગરૂપે સરકારે ડાયટના તમામ સિનીયર લેક્ચરર તેમજ લેકચરરને આ વર્ષે અમલી બનેલ બાલવાટિકાઓના મોનીટરીંગની વિશેષ જવાબદારી સોંપી છે એટલુ જ નહિ આ સિની. લેક્ચરર અને લેક્ચરરે પ્રથમ સત્રમાં જ ૧૦-૧૦ શાળાઓની મુલાકાત લઈ તેનો અહેવાલ આપવાનો રહેશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શાળાકક્ષાએ જઈ બાલવાટિકાઓની વિશેષ ચકાસણી કરવાની રહેશે. જેમાં ખાસ કરીને તાલિમ પ્રમાણે શિક્ષણ, નિપુણ ભારત, ફાસ્ટ લર્નિંગ, બેઈઝલાઈન સર્વે, બાલવૃંદની રચના કરવામાં આવી છે કે કેમ ? આ બાલવૃંદની પ્રવૃત્તિઓ થાય છે કે નહિ ખાસ કરીને બાળમેળો, વાર્તા સ્પર્ધા, ઈનોવેશન ફેર, કલાઉત્સવ વગેરેની તપાસ કરવાની રહેશે.

સરકારે બી.આર.સી. અને સી.આર.સી. કક્ષાએ મોનીટરીંગ જે કરવામાં આવ્યુ છે તે અંગેની પણ સમીક્ષા કરવાની રહેશે. આ મોનીટરીંગની કામગીરીમાં બ્લોક રિસોર્સ પર્સનને પણ જોડવામાં આવ્યો છે કે નહિ તે પણ જોવાનું રહેશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે નવી શિક્ષણ નીતિ અમલમાં મુકાયા પછી બાલવાટિકા-૧ અને બાલવાટિકા-૨ એમ ધો. ૧ ના પ્રવેશ પહેલાં કાર્યરત કરવામાં આવી છે. આ બાલવાટિકાના શિક્ષણને જ ગુણવત્તાસભર બનાવવા માટે સરકાર કટિબદ્ધ છે અને એટલે જ મોનીટરીંગની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે કોઈ શાળામાં ખાસ ધ્યાનાકર્ષક ઈનોવેશન કરાયુ હોય તો તેનો રિપોર્ટ તાત્કાલિક રીતે કરી જીસીઆરટીને આપવાનો રહેશે. આ ઈનોવેશનના સુદઢીકરણ પર પણ ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

## SHARE INDIA SECURITIES LIMITED

Share India — You generate, we multiply

CIN: L67120GJ1994PLC115132

Registered Office: 1701-1703, 17th Floor, Dalal Street Commercial Co-operative Society Limited, Road 5E, Block 53, Zone 5, Gift City, Gandhinagar, Gujarat-382355

Tel: 0120-4910000, Website: www.shareindia.com, Email: vikas_cs@shareindia.com

**EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2023**

(Amount in ₹ Lacs except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended 30.06.2023 | Quarter Ended 30.06.2022 | Quarter Ended 31.03.2023 | Year Ended 31.03.2023 |
|---|---|---|---|---|---|
| | | Unaudited | Unaudited | Audited | Audited |
| 1 | Total income from operations | 27,870.03 | 23,324.29 | 34,364.35 | 109,970.24 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items) | 10,822.80 | 7,797.16 | 13,822.63 | 43,447.58 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 10,822.80 | 7,797.16 | 13,822.63 | 43,594.08 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 8,227.51 | 5,917.71 | 10,688.78 | 33,065.71 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax) | 8,543.95 | 5,948.91 | 10,476.46 | 33,073.67 |
| 6 | Paid up Equity Share Capital (Face Value ₹10/-) | 3,266.97 | 3,190.66 | 3,254.47 | 3,254.47 |
| 7 | Other Equity | - | - | - | 98,595.93 |
| 8 | Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)* (Basic) EPS Before Exceptional Items | 25.17 | 18.32 | 33.09 | 102.27 |
| | EPS after Exceptional items | 25.17 | 18.32 | 33.09 | 102.68 |
| 9 | Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)* (Diluted) EPS Before Exceptional Items | 25.06 | 15.92 | 28.77 | 88.88 |
| | EPS after Exceptional items | 25.06 | 15.92 | 28.77 | 89.23 |

*** Basic and diluted earnings / (loss) per share for Quarted ended June 2022 have been retrospectively adjusted for the bonus element in respect of the Rights Issue and ESOP made during the year ended March 31, 2023.**

**Notes: (1)** The above is an extract of the detailed format of result for quarter ended on June 30, 2023 filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE at **www.bseindia.com** and NSE at **www.nseindia.com** as well as on the Company's website at **www.shareindia.com.**

**(2)** The key information of Standalone Financial Results for quarter ended on June 30, 2023 are as follows:

| Particulars | Quarter Ended 30.06.2023 | Quarter Ended 30.06.2022 | Quarter Ended 31.03.2023 | Year Ended 31.03.2023 |
|---|---|---|---|---|
| Turnover | 20,801.98 | 19,131.28 | 26,064.40 | 81,982.24 |
| Profit Before Tax | 6,777.16 | 5,612.12 | 10,932.62 | 29,954.26 |
| Profit after tax | 5,107.59 | 4,237.58 | 8,593.25 | 22,901.77 |

By order of the Board
For Share India Securities Limited
(Sd/-)
Parveen Gupta
Chairman & Managing Director
DIN: 00013926

Place : Noida
Date : 25.07.2023

**હવે ભાડા વસુલાતી શાખાનો શિરદર્દ ઓછો થશે**

# નિવૃતિ બાદ કર્મચારીઓ તુરંત જ આવાસ ખાલી કરશે

## નિવૃતિ ટાંણે આવાસ ખાલી કર્યા કે મંજુરીના કાગળો રજુ કર્યા બાદ જ પેન્શન સહીતના લાભો મળશે : જેના લીધે હવે નિવૃતિ બાદ તુરંત જ મકાન ખાલી કરી કબજો સોંપી દેવાના કિસ્સા વધતા તંત્રને રાહત

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો મામલે નિવૃતિ બદલી અને અવસાનના કિસ્સામાં આવાસો ખાલી કરી કબજો પરત સોંપવામાં વિલંબ થતો હોવાના લીધે તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવાની ફરજ પડે છે. જયારે હવે આ મામલે આવાસ પરત કરવા સહીત મુદત વધારવાની મંજુરીના કાગળો રજુ કર્યા બાદ પેન્શન સહીતના લાભો આપવાની ગતિવિધિ હાથ ધરવામાં આવતા તંત્રના શિરદર્દમાં ઘટાડો થશે જયારે હાલ પણ આ સ્થિતિના લીધે નિવૃતિના અંતે તુરંત જ આવાસનો કબજો પરત સોંપી દેવાનો આગ્રહ રાખવામાં આવતા તંત્રને પણ રાહત થઈ છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો અસ્તિત્વ ધરાવે છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ તબક્કાવાર નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે હાલની સ્થિતિએ અલબત્ત સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે હવે આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે તંત્ર દ્વારા અગાઉ જોખમી સરકારી આવાસો સંદર્ભે પણ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે છેલ્લા એક દાયકાથી વધુ સમયથી શહેરના સેકટરોમાં સ્થિત ભયજનક મકાનો તબક્કાવાર તોડવામાં પણ આવી રહ્યા છે. હાલ પણ જુના અને જોખમી આવસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે જયારે બીજીતરફ નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. જેમાં ઓછી જગ્યામાં ટાવર કોલોની તૈયાર કરીને નવા આવાસોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા પાંચ સાત વર્ષથી સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની યાદી પણ મોટી થતી જાય છે. એકબાજુ આવાસોની ઘટ છે જયારે બીજીતરફ આવાસની જરૂરિયાત વધુ છે. નવા આવાસો બાંધવાનુ કામ હાલ ચાલી રહ્યુ છે. જયારે હજુ પણ નવી આવાસ યોજના તૈયાર થતા સમય લાગે તેમ છે.

આ સ્થિતિ વચ્ચે અગાઉ ફાળવવામાં આવેલા વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં પણ અનેકવાર પેટાભાડુઆતોનો વસવાટ હોવાની સાથે નિવૃતિ, અવસાન અને બદલીના કિસ્સામાં મકાનો ઝડપથી ખાલી કરવામાં ન આવતા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. અગાઉ તંત્ર દ્વારા બદલી નિવૃતિ અને અવસાનના કિસ્સામાં મકાન ખાલી ન કરવા બદલ કોર્ટ કેસ પણ દાખલ કરવામાં આવ્યા હતા જયારે હાલની સ્થિતિએ પણ ઈવિકશન કોર્ટમાં ૩૦૦ થી વધુ કેસ પેન્ડીંગ હોવાનુ મનાય છે. ત્યારે પેટાભાડુઆતોના મામલે પણ અગાઉ સે- ૬ માં તંત્રએ આકસ્મિક તપાસ કર્યા બાદ આગળ કોઈ કાર્યવાહી થઈ નથી અલબત્ત તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી નથી ત્યારે નિવૃતિ બદલી અને અવસાનના કિસ્સામાં લાંબા સમય સુધી આવાસ ખાલી ન કરનારાઓને પણ નોટીસ આપવામાં આવી છે. હાલ પણ આ પ્રક્રીયા ચાલુ છે.

જો કે હવે આ સમસ્યા હળવી થશે તેમ પણ મનાઈ રહ્યુ છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર નિવૃતિના કિસ્સામાં આવાસ ખાલી નહી કરનાર કે વધુ મંજુરી મેળવ્યા વિના જ આવાસમાં કબજો ધરાવતા નિવૃત કર્મચારીઓના પેન્શન સહીતના લાભ હવે આવાસના મામલે ક્લિનચીટ મળ્યા બાદ જ મળશે જેના લીધે છેલ્લા કેટલાક સમયથી નિવૃતિના કિસ્સામાં ઝડપથી આવાસ ખાલી થઈ જતા હોવાનુ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૫ સાયન્સ કોલેજના હોસ્ટેલ બિલ્ડીંગ તેમજ લેબોરેટરીનુ રીનોવેશન કરાશે

## કોલેજના વર્ષો જુના બોટનિકલ ગાર્ડનમાં પણ પેવર બ્લોક સહીતનુ કામ હાથ ધરાશે : અંદાજિત ૨.૨૬ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં વિવિધ સરકારી બિલ્ડીંગો સાથે સમયાંતરે શૈક્ષણિક સંકુલમાં પણ રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં શહેરની આગવી ઓળખ સમાન સે -૧૫ સ્થિત વિજ્ઞાન કોલેજમાં પણ હોસ્ટેલ બિલ્ડીંગ , લેબોરેટરી તેમજ બોટનિકલ ગાર્ડનનુ રીનોવેશન હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે કામગીરી શરૂ કરાશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨.૨૬ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં સરકારી આવાસો તેમજ અનેકવિધ સરકારી કચેરીના જુના બિલ્ડીંગોનુ સમયાંતરે રીનોવેશન કરવામાં આવે છે. જયારે છેલ્લા દોઢ દાયકાથી અગાઉ જુની પહેચાન ધરાવતી સરકારી કચેરીઓના બિલ્ડીંગો અને આનુસાંગિક સુવિધાઓને પણ રીનોવેશનના અંતે કોર્પોરેટ લુક આપવામાં આવે છે. શહેર નજીક સ્થિત લવારપુર ખાતે પણ જી ટી યુના નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થતા આ બિલ્ડીંગને અત્યાધુનિક અને સુવિધાસભર બનાવવાની યોજના પર કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં ગ્રીન બિલ્ડીંગના કન્સેપ્ટને પણ ધ્યાને લેવામાં આવ્યા છે. ત્યારે શહેરમાં શૈક્ષણિક સંકુલ તરીકે આગવી ઓળખ ધરાવતી સે-૧૫ સ્થિત વિજ્ઞાન પ્રવાહની કોલેજમાં પણ રીનોવેશનનુ જરૂરી કામ હાથ ધરવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગની દરખાસ્તના અંતે કામને મંજુરી આપી દેવાયા બાદ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સાયન્સ કોલેજના હોસ્ટેલ બિલ્ડીંગ, લેબોરેટરી તેમજ બોટનિકલક ગાર્ડનમાં પણ જરૂરી નવિનીકરણ કરવામાં આવશે શહેરની વિજ્ઞાન પ્રવાહની કોલેજમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે હોસ્ટેલ બિલ્ડીંગમાં પણ વિદ્યાર્થીઓના રહેવા માટેની વ્યવસ્થા સચવાય છે. આ ઉપરાંત કોલેજનો બોટનિકલ ગાર્ડન પણ બાયોલોજીના વિદ્યાર્થીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર છે. જયારે આ ત્રણેય ઠેકાણે જરૂરી રીનોવેશન હાથ ધરવા માટે ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ પણ તૈયાર કરી દેવાયો છે. જેનુ કામ આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે હાથ ધરવામાં આવશે. જેમાં હોસ્ટેલ બિલ્ડીંગમાં નવા ટોઈલેટ બ્લોક બનાવામાં આવશે અલબત્ત બ્લોકનુ નવિનીકરણ કરાશે આ ઉપરાંત બિલ્ડીંગમાં પ્લાસ્ટર તેમજ કલરનુ કામ પણ કરવામાં આવશે.જયારે વર્ષો જુની પાણી ગટરની નવી લાઈન પણ બદલવામાં આવશે જેમાં હાલની જરૂરિયાત મુજબ લાઈન નાંખવામાં આવશે. આ ઉપરાંત ફિઝીકસ, કેમેસ્ટ્રી અને

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff — TILE & STONE FIXING EXPERT
Birla White — THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com